રજુ તારીખ ૨૯–૦૩–૨૦૨૩

દાખલ તારીખ ૨૯–૦૩–૨૦૨૩

ફેંસલ તારીખ ૩૦–૦૫–૨૦૨૬

સમયગાળો વર્ષ. માસ. દિવસ.

**નડીઆદના મહે.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.નડીઆદ.**

**ફોજદારી કેસ નં.૧૨૭૩/૨૦૨૩**
**આંક:– ૧૪**

**ફરિયાદી :– શ્રી સરકાર**
(નડીયાદ ટાઉન પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧ ૨૦૪૦૪૬૨૨૦૬૫૪/૨૦૨૨)

***–:: વિરુધ્ધ ::–***

**આરોપી:–** **વનરાજસિંહ દોલતસિંહ મહીડા**
રહે.હાથજ, મહીડા ફળીયુ, વાંટામાં,
તા.નડીયાદ, જી.ખેડા

**ગુન્હો :– ભારતીય દંડ સંહિતા ની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૯૬ મુજબ .**

**ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.આર.ત્રીવેદી**
**આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી પી.એચ.ગીલેટવાલા**

**-:: જજમેન્ટ ::-**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૮/૧૦/૨૦૨૨ ના રોજ કલાક ૧૬/૩૦ વાગ્યાના સુમારે મોજે નડીયાદ ડાકોર રોડ ચકલાસી ભાગોળ માધવબાગ નજીક ભાથીજી મંદિર પાસે સી.એન.જી.રીક્ષા નં.જી.જે.૦૭.ટી.વી.૨૦૩૩ ની પુરઝડપે ગફલતભરી રીતે હંકારી રીક્ષાને અચાનક બ્રેક મારી રીક્ષા રોડ ઉપર પલ્ટી ખવડાવી ફરીયાદીના સાહેદ દશરથભાઈ પશાભાઈ ચુનારા નાઓને શરીરે ઈજાઓ પહોંચાડી તેમજ ફરીયાદી સાહેદોને શરીરે વધતા ઓછા પ્રમાણ ઈજાઓ પહોંચાડી તેમજ વીમા વગર વાહન ચલાવી ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧ ૮૪,૧૯૬ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૨) **પોલીસ કાર્યવાહી**

ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૯૬ મુજબના ગુના સબબની ફરિયાદ આ કામના ફરિયાદીએ નોંધાવતાં તે આધારે પી.એસ.ઓ દ્વારા ગુનો નોંધવામાં આવેલો. સદર ગુનાની તપાસ આ કામના તપાસ કરનાર અમલદારને સોપવામાં આવતા તેઓએ સંભાળી લીધેલી અને જરુરી પંચનામાં કરી, લાગતા વળગતા સાહેદોના જવાબો લઈ, આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો આવતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૩) **કોર્ટ કાર્યવાહી**

ચાર્જશીટ ફાઈલ થયા બાદ આરોપીને સમન્સ કરવામાં આવેલ જે સમન્સની બજવણી થતાં આરોપી કોર્ટમાં હાજર થતાં

તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો. કો.ક.૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે.ત્યારબાદ આંક–૦૨ થી આરોપીની પ્લી નોઘવામાં આવેલી છે અને જવાબમાં ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો નોંઘવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

(૪) **<u>મૌખિક પુરાવો</u>**

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ રસીદમીયા ગુલામનબી મલેકની સોગંદ પરની જુબાની | ૦૫ |
| ૨. | પંચ સાહેદ ઈમરાનખાન ઈકરામઉલ્લાખાન પઠાણની સોગંદ પરની જુબાની | ૦૭ |
| ૩. | ફરીયાદી મઘુબેન દશરથભાઈ ચુનારાની સોગંદ પરની જુબાની | ૦૯ |
| ૪. | સાહેદ દશરથભાઈ પસાભાઈ ચુનારાની સોગંદ પરની જુબાની | ૧૧ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૦ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૦૬ |

(૫) આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરિયાદ પક્ષે આંક–૧૨ થી પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરતા તેના આઘારે ફરિયાદ પક્ષનો પુરાવો બંઘ કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવા આઘારે આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન

નોંધવાપાત્ર જણાતુ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ત્યારબાદ આ કામમાં ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીને તથા આરોપીના વિદ્વાન વકીલશ્રીને સાંભળવામાં આવેલ છે.

(૭) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**<u>મુદ્દાઓ</u>**

**૧.** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૮/૧૦/૨૦૨૨ ના રોજ કલાક ૧૬/૩૦ વાગ્યાના સુમારે મોજે નડીયાદ ડાકોર રોડ ચકલાસી ભાગોળ માધવબાગ નજીક ભાથીજી મંદિર પાસે સી.એન.જી.રીક્ષા નં.જી.જે.૦૭.ટી.વી.૨૦૩૩ ની પુરઝડપે ગફલતભરી રીતે હંકારી રીક્ષાને અચાનક બ્રેક મારી રીક્ષા રોડ ઉપર પલ્ટી ખવડાવી ફરીયાદીના સાહેદ દશરથભાઈ પશાભાઈ ચુનારા નાઓને શરીરે ઈજાઓ પહોં ચાડી તેમજ ફરીયાદી સાહેદોને શરીરે વધતા ઓછા પ્રમાણ ઈજાઓ પહોંચાડી તેમજ વીમા વગર વાહન ચલાવી ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૯૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે ?

**૨.** શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

**૧. નકારમાં.**

**૨. આખરી હુકમ મુજબ.**

## // કારણો //

**મુદ્દા નંબર ૧ :–**

(૯) ફરિયાદપક્ષે આંક–૦૫ થી પંચ સાહેદ રસીદમીયા ગુલામનબી મલેક તથા આંક–૦૭ થી પંચ સાહેદ ઈમરાનખાન ઈકરામઉલ્લાખાન પઠાણને તપાસેલ છે સદરહુ ફરીયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તેઓને પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ એક તૈયાર લખેલ પંચનામામાં સહીઓ કરેલી. જેમાં પંચ નં.૧ અને પંચ નં.૨ તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવે છે.

સદર પંચ સાહેદો ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી. તેઓને ફરી ગયેલા જાહેર કરવાની પ્રોસીકયુશનની વિનંતીને ગ્રાહય રાખી ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતાં પ્રોસીકયુશન ફરીયાદ હકીકતને સમર્થનકારક કોઈ જ હકીકત બહાર લાવી શકેલા નથી.

સદરહુ પંચ સાહેદોની બચાવપક્ષના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરતા તેમણે એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી.

(૧૦) ફરિયાદપક્ષે આંક–૦૯ થી ફરીયાદી મઘુબેન દશરથભાઈ ચુનારાને તપાસેલ છે તેમણે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તારીખ હાલ તેઓને ચોકકસ યાદ નથી. બનાવ આજથી ત્રણ ચાર વર્ષ અગાઉ અકસ્માતનો બનાવ બનેલો. બનાવ સાંજે ૦૪/૩૦ વાગ્યે માઘવબાગ ડાકોર રોડ પાસે બનેલો. બનાવ વખતે તેઓ તથા તેઓના પતિ દશરથભાઈ તથા રાજુભાઈ ઠાકોર રીક્ષામાં બેસી નડીયાદ મુકામે જતા હતા ત્યારે રસ્તામાં અચાનક ખાડો આવતા રીક્ષા પલટી ખાઈ ગયેલી અને તેઓને તથા તેઓના પતિ

અને રાજુભાઈને ઈજાઓ થયેલી. તેઓને કમરના ભાગે વાગેલુ અને તેઓના પતિ દશરથભાઈને ડાબા હાથે તથા જમણા પગે વાગેલુ અને રાજુભાઈને પગમાં વાગેલુ. તેઓને સ્પર્શ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. ત્યાં ડોકટરે તેઓના પતિ દશરથભાઈને ફ્રેકચર થયેલાનું જણાવેલુ. રીક્ષા કોર્ટમાં હાજર છે તે વનરાજભાઈ ચલાવતા હતા. તેઓ અંગુઠો કરે છે. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે આ એજ કાગળ છે જેમાં પોલીસે તેઓનો અંગુઠો લીધેલો. રીક્ષા ખાડો આવવાથી નહીં પણ અન્ય કોઈ રીતે પલટી ખાઈ ગયેલ હોય તેવુ બનેલ નહીં.

સદર ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી. તેઓને ફરી ગયેલા જાહેર કરવાની પ્રોસીકયુશનની વિનંતીને ગ્રાહય રાખી ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતાં પ્રોસીકયુશન ફરીયાદ હકીકતને સમર્થનકારક કોઈ જ હકીકત બહાર લાવી શકેલા નથી.

સદરહુ ફરીયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરતા તેમણે એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, વનરાજભાઈ રીક્ષા પુરઝડપે ચલાવતા ન હતા. અચાનક ખાડો આવતા રીક્ષા પલટી ખાઈ ગયેલી જેથી તેઓને ઈજા થયેલી.

**(૧૧)** ફરિયાદપક્ષે આંક–૧૧ થી સાહેદ દશરથભાઈ પસાભાઈ ચુનારાને તપાસેલ છે તેમણે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તારીખ હાલ તેઓને ચોકકસ યાદ નથી. બનાવ આજથી ત્રણ ચાર વર્ષ અગાઉ અકસ્માતનો બનાવ બનેલો. બનાવ સાંજે ૦૪/૩૦ વાગ્યે માધવબાગ ડાકોર રોડ પાસે બનેલો. બનાવ વખતે તેઓ તથા તેઓના પત્ની મધુબેન તથા રાજુભાઈ ઠાકોર

રીક્ષામાં બેસી નડીયાદ મુકામે જતા હતા ત્યારે રસ્તામાં અચાનક ખાડો આવતા રીક્ષા પલટી ખાઈ ગયેલી અને તેઓને તથા તેઓની પત્નીને અને રાજુભાઈને ઈજાઓ થયેલી. તેઓની પત્નીને કમરના ભાગે વાગેલુ અને તેઓને ડાબા હાથે તથા જમણા પગે વાગેલુ અને રાજુભાઈને પગમાં વાગેલુ. તેઓને સ્પર્શ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. ત્યાં ડોકટરે તેઓને ડાબા ખભાના ભાગે ફ્રેકચર થયેલાનું જણાવેલુ. રીક્ષા કોર્ટમાં હાજર છે તે વનરાજભાઈ ચલાવતા હતા. રીક્ષા ખાડો આવવાથી નહીં પણ અન્ય કોઈ રીતે પલટી ખાઈ ગયેલ હોય તેવુ બનેલ નહીં.

સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી. તેઓને ફરી ગયેલા જાહેર કરવાની પ્રોસીકયુશનની વિનંતીને ગ્રાહય રાખી ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતાં પ્રોસીકયુશન ફરીયાદ હકીકતને સમર્થનકારક કોઈ જ હકીકત બહાર લાવી શકેલા નથી.

સદરહુ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરતા તેમણે એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, વનરાજભાઈ રીક્ષા પુરઝડપે ચલાવતા ન હતા. અચાનક ખાડો આવતા રીક્ષા પલટી ખાઈ ગયેલી જેથી તેઓને ઈજા થયેલી.

(૧૨) આરોપીના વિ.વ.શ્રી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કબુલ રાખતા હોઈ આંક–૦૬ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ થયેલ છે. સદર પંચનામુ ઘ્યાને લેતા ગુનાવાળી જગ્યાની ચતુર્થદિશાની હકીકતો રેકર્ડ ઉપર આવે છે પરંતુ તેથી વિશેષ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઈજ મહત્વની હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી.

**<u>પુરાવાઓનું મૂલ્યાંકનઃ-</u>**

(૧૩) આમ, ફરીયાદપક્ષ તરફે આ કામે જેવો અને જેટલો પુરાવો રજુ થયેલ છે તે ધ્યાને લેતાં સદર કામે પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે સદર પંચ સાહેદો નો પુરાવો ધ્યાને લેતા પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોય પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તેથી સદર પંચ સાહેદોના પુરાવા પરથી ફરીયાદપક્ષને સમર્થનકારી કોઈ ફળદાયક હકીકત જણાઈ આવતી નથી.

વધુમાં આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી અને સાહેદને તપાસવામાં આવેલ છે તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને બીલકુલ સમર્થન આપેલ નથી. તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે તેમજ ફરીયાદી અને સાહેદ તેમની ઉલટતપાસમાં એકીસુરે જણાવે છે કે, એ વાત ખરી છે કે, વનરાજભાઈ રીક્ષા પુરઝડપે ચલાવતા ન હતા. અચાનક ખાડો આવતા રીક્ષા પલટી ખાઈ ગયેલી જેથી તેઓને ઈજા થયેલી. આમ, સદર ફરીયાદી અને સાહેદનો મૌખિક પુરાવો ધ્યાને લેતા આંક-૧૦ વાળી ફરીયાદની હકીકતને સમર્થન આપતો પુરાવો રજુ રાખેલ નથી. જેથી સદર પુરાવો ફરીયાદપક્ષના કેસને નિ:શંકપણે પુરવાર કરવા માટે લેશમાત્ર મદદરૂપ નિવડી શકતો નથી.

નામદાર સર્વોચ્ચ અદાલત નુ જજમેન્ટ જોતાં **<u>ધી સ્ટેટ ઓફ કર્ણાટક વી. સતીષ (૧૯૯૮) એસ.સી.સી. ૪૯૩ માં નામદાર સર્વોચ્ચ અદાલતે પેરા ૪ માં જણાવેલ છે કે</u>**

"4. Merely because the truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself. None of the

witnesses examined by the prosecution could give any indication, even approximately, as to what they meant by "high speed". "High speed" is a relative term. It was for the prosecution to bring on record material to establish as to what it meant by "high speed" in the facts and circumstances of the case. In a criminal trial, the burden of providing everything essential to the establishment of the charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in favour of the accused until the contrary is proved. Criminality is not to be presumed, subject of course to some statutory exceptions. There is no such statutory exception pleaded in the present case. In the absence of any material on the record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "res ipsa loquitur".”

ઉપરોકત જજમેન્ટમા નામદાર સર્વોચ્ચ અદાલતે જણાવેલ છે કે માત્ર પુરઝડપના આધારે આરોપીને ઈ.પી.કો.કલમ–૨૭૯ માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે ફરીયાદી ની સોગંદ ઉપરની જુબાની જોતા સદરહુ અકસ્માતનો બનાવ આરોપી દ્વારા જ કરવામાં આવેલો હોય અને આરોપીની પુરઝડપે અને ગફલતભર્યા ડ્રાઈવીંગના કારણે બનેલો હોય તેવું સાબીત કરી શકેલ ન હોય જેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર છે.

(૧૪) સદર કામે ***<u>૩૧ મી જુલાઈ, ૧૯૯૬, સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ અને બીજા</u>*** નો ચુકાદો રજૂ થયેલ છે, તે ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લઈએ તો હાલના કામમાં ફરીયાદપક્ષે જે પુરાવો બંધ કરવા જણાવેલ હોય તથા જેટલા પુરાવા હાલના કામમાં રજૂ થયા છે, તેનાથી સરકારપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડે છે અને બાકી રહી જતા સાહેદોને તપાસીને પોતાનો કેસ મજબૂત કરવામાં સરકારપક્ષ નિષ્ફળ નિવડવાની શકયતા છે. કારણ કે, હાલના કામના અગત્યના સાહેદો સરકારપક્ષે એટલે કે, ફરીયાદીની તરફેણમાં પુરાવા આપતા નથી તો બાકી રહી જતા સાહેદોને તપાસીને કોર્ટનો અમૂલ્ય સમય બગડતો અટકાવવા માટે સદરહુ કેસમાં જણાવેલ સિધ્ધાંતને ધ્યાને લઈ, અન્ય સાહેદો ડ્રોપ કરવા ન્યાયોચિત જણાય છે.

આમ, આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ધ્યાને લઈએ તો, **(1) <u>AIR1977SC170 RABINDRA KUMAR DEY VS STATS OF ORRISA.:-</u>**

(1) That the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defense version while proving its case;

(2) That in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) That the onus of the prosecution never shifts.

આમ, ઉપરોકત ચુકાદો ધ્યાને તેમજ વંચાણમાં લીધેલ છે. આમ, ક્રિમિનલ જયુરીશપ્રુડન્સના ખૂબજ મહત્વના સિધ્ધાંતો પણ ધ્યાને લઈએ તો પણ સરકારપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સંપૂર્ણ નિષ્ફળ નિવડેલ છે.

(૧૫) વધુમાં હાલનો આક્ષેપિત ગુનો પુરવાર થવા મહત્વના તત્વો જેમાં અકસ્માત કરનાર વાહનના ચાલકે બેફામપણે અથવા બેદરકારીપુર્વક આવું વાહન ચલાવેલુ હોય અને જેના કારણે બહુજન સમુદાયની જિંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાનિ થવા સંભવ હોવાનું જાણવા છતાં બેદરકારી અને અવિચારીપણે વાહન ચલાવેલું હોય અને જે તત્વો પુરવાર થવા આઈ.પી.સી. કલમ-૨૭૯ માટે અતિ આવશ્યક છે. આ ઉપરાંત ***નામદાર ઓરીસ્સા હાઈકોર્ટે મદહાબ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સાના*** કીસ્સામાં આપવામાં આવેલ ચુકાદો કે જે ૧૯૯૨ ક્રિ.લો.જ. પાના નં-૧૧૬(ઓરીસ્સા) થી પ્રસિધ્ધ છે તે ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે કલમ-૨૭૯ નો ગુન્હો પુરવાર કરવા માટે વાહનચાલક બેફામપુર્વક વાહન ચલાવતા હતા અથવા બેફામપણે વાહન ચલાવતા હતા તેવી હકીકત સાબિત કરવી પડે. આમ સદરહુ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા માર્ગદર્શક સિધ્ધાંત ધ્યાને લેતા ફરીયાદપક્ષે આરોપીએ શુ કરવુ જોઈતુ હતુ અને શુ ન કર્યુ જેના ધ્વારા આ અકસ્માત બનેલ છે તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી પડે. પરંતુ હાલના કેસમાં આરોપીએ સી.એન.જી.રીક્ષા પુરઝડપે ગફલતભરી રીતે હંકારી રીક્ષાને અચાનક બ્રેક મારી રીક્ષા રોડ ઉપર પલ્ટી ખવડાવી ફરીયાદીના સાહેદ દશરથભાઈ પશાભાઈ ચુનારા નાઓને શરીરે ઈજાઓ પહોંચાડી તેમજ ફરીયાદી સાહેદોને શરીરે વધતા ઓછા પ્રમાણ ઈજાઓ પહોંચાડી તેમજ વીમા વગર વાહન ચલાવી ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪,૧૯૬ મુજબનો ગુનો કરેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષના

તપાસવામાં આવેલ ફરીયાદી નિ:શંકપણે જણાવતા ન હોય, આ કામે રેકર્ડ પર રજુ થયેલ જુબાની તથા દસ્તાવેજી પુરાવાના આધારે આરોપી સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર થતુ નથી તેવુ મારુ નમ્રપણે માનવું છે. જેથી ફરીયાદપક્ષ આરોપી સામે જે તહોમત ફરમાવેલ છે, તે મુજબનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં અને મુદ્દા નં. ૨ નો જવાબ નીચે મુજબ આખરી હુકમ અનુસાર આપવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના આરોપી **વનરાજસિંહ દોલતસિંહ મહીડા** રહે.હાથજ, મહીડા ફળીયુ, વાંટામાં, તા.નડીયાદ, જી.ખેડા નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૯૬ મુજબના ગુન્હાના કામે ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૫ (૧) મુજબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીનને અપીલ પીરીયડ સુધી લંબાવવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૩૦મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૫/૨૦૨૬. **(જયકાંત પરસોત્તમદાસ પરમાર)**
સ્થળ:– નડીયાદ. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નડીયાદ.
**{Code No.GJ01017}**